# સમય સંચાલન

# TIME MANAGEMENT

<u>વાંચકો માટે ખાસ નોંધ :</u>

- આ કિતાબને પરીપૂર્ણ બનાવવા આપના સૂચનો hadi1981@ymail.com ઉપર મોકલી આપો.

# બિસ્મીલ્લાહિ ર્રહમાનિ ર્રહીમ

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પેજ |
|---|---|---|
| ૧. | સમયનું મૂલ્ય | ૦૩ |
| ૨. | સમય વેડફવાના નુકસાન | ૦૬ |
| ૩. | ટાઈમ ટેબલ | ૦૭ |
| ૪. | મહત્વના ફેરફારનો સમય | ૦૮ |

## ૧. સમયનું મૂલ્ય

ઈન્સાનની આ દુનિયાની જીવનયાત્રા તેને અલ્લાહ તરફથી મળેલા સમયનો સરવાળો છે. તેની ઉંમર (વય) થોડી એવી મર્યાદીત શ્વાસોનું નામ છે. દિવસો અને રાત્રિઓ તેની જીંદગીને પૂર્ણ કરવાના કામમાં લાગી ગયા છે. ઈન્સાનની ઉંમરનું સતત / હંમેશા બાકી રહેવું રાત અને દિવસની આવન–જાવનની સાથે શકય નથી. સમય તેની વયને ગળી રહયો છે, ઘડીઓ તેના આયુષ્યને બરબાદ કરી તેના અંતને નજદીક લાવી રહી છે. તેનો પ્રત્યેક શ્વાસ તેની મૌત તરફ આગળ વધી રહેલું એક ડગલુ છે. ચોકકસ મુદદતના પસાર થવાની સાથે તેની હલાકત નિશ્ચિત થઈ ચૂકી છે. તેની ઉંમર તેની શ્વાસોની સંખ્યા બરાબર છે અને તેના શ્વાસોની ગણતરી પણ થઈ રહી છે. પ્રત્યેક ક્ષણે મૌતની તરફ કદમ માંડી કબ્રમાં પ્રવેશ મેળવવા આગળ વધી રહેલા ઈન્સાને સમયના મૂલ્યને સમજી લેવું જોઈએ અને સમયનો વપરાશ સોના–ચાંદી અને નાણાના વપરાશ કરતા પણ વધારે કાળજીપૂર્વક કરવો જોઈએ.

૧. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :
   ક્ષણો તારી ઉંમર (વય)ને ગળી રહી છે.
૨. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :
   ઈન્સાનની ઉંમર (વય) માટે કોઈ કિંમત થઈ શકતી નથી. (તે અનમોલ અને અમૂલ્ય છે.)
૩. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :
   જાણી લ્યો, અય લોકો ! બેશક જે કોઈ ધરતીના મુખ ઉપર ચાલે છે, તો બેશક તે તેના પેટાળમાં જશે, અને રાત અને દિવસ બંને ઉંમરો (વય)ના વેડફાટ (બગાડ)માં એકબીજાને જપ્ત કરી રહયા છે.
૪. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

મોઅમીનની બાકી ઉંમર (વય)ની કોઈ કિંમત ન થઈ શકે, તે તેના વડે જતી રહેલી ચીજોને મેળવે છે અને તે તેના વડે તે ચીજોને જીવંત કરે છે જેને તેણે મારી નાખી હતી.

૫. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

તારી ઉંમર (વય)ને એ ખર્ચની કિંમત ગણી લે જે તને આપવામાં આવી હોય, બસ જે રીતે તને એ પસંદ નથી કે તે વ્યર્થ (ખોટા સ્થાને) ખર્ચાઈ જાય, તેજ રીતે તારી ઉંમરને પણ વ્યર્થ (ખોટા સ્થાને) વેડફાઈને જવા ન દે.

૬. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

ઉંમર (વય) ગણેલી શ્વાસો(નું નામ) છે.

૭. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

ક્ષણો ઉંમરો (વયો)ને લૂટી રહી છે.

૮. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

ઉંમર (વય) ક્ષણો ધ્વારા બરબાદ થઈ રહી છે.

૯. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

ક્ષણો ઉંમરો (વયો)માં છિદ્ર (કાણું) પાડી રહી છે અને વિનાશની નજદીક કરી રહી છે.

૧૦. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

બેશક તારી ઉંમર (વય) તારા શ્વાસોની સંખ્યા છે, અને તેના માટે માટે એક દેખરેખ રાખનાર પણ છે જે તેને ગણી રહયો છે.

૧૧. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

ઉંમરો (વયો)ને તમારા માટે બાકી ન રહેનારી બાબતોમાં વેડફી નાખવાથી સાવચેત રહો, કારણ કે તેનો જતો રહેનાર હિસ્સો કદી પણ પાછો આવતો નથી.

૧૨. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

અલ્લાહ રહેમ કરે તે શખ્સ ઉપર જેણે એ જાણી લીધું કે બેશક તેની દરેક શ્વાસ તેની મૌત તરફ એક કદમ છે, પછી તેણે પોતાના અમલની તરફ પહેલ કરી અને પોતાની આશાને ટૂંકી કરી નાખી.

૧૩. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :
રાત અને દિવસના પરિભ્રમણ (આવન–જાવન)ની સાથે ઉંમરો (જીંદગીઓ) બાકી નહિં રહી શકે.

૧૪. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :
પોતાની ઉંમર (વય)ના બાકી રહેલા હિસ્સાના મૂલ્યને કોઈ પારખી શકતું નથી સિવાય કે નબી અથવા સીદ્દીક.

૧. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૭, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૨
૨. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૭, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૩
૩. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૭, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૧
૪. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૭, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૪
૫. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૭, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૯
૬. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૭, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૧૦
૭. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૮, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૧૧
૮. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૮, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૧૨
૯. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૮, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૧૩
૧૦. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૮, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૧૫
૧૧. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૮, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૧૬
૧૨. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૮, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૧૭
૧૩. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૮, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૧૮
૧૪. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૮, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૧૯

## ૨.    સમય વેડફવાના નુકસાન

૧. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

જે બિનજરૂરી બાબતોમાં મશ્ગુલ રહે છે, તેનાથી ફાયદાકારક બાબતો છુટી જાય છે.

૨. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

જે બિનમહત્વપૂર્ણ કાર્યોમાં મશ્ગુલ રહે છે, તેનાથી મહત્વના કાર્યો છુટી જાય છે.

૩. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

બદતરીન ચીજ જેમાં ઉંમર (વય) પસાર થાય છે, તે 'લએબ' છે.

- લએબ : ખેલકૂદ, સારા કામ કરવાથી રોકે તે વસ્તુ, મનનો બહેલાવો, નકામી અને બિનજરૂરી બાબતો કે કાર્યો

૧. મીઝાનુલ હિકમત, ઉર્દુ, ભાગ : ૮, પેજ : ૮૨૮, હદીસ : ૧૭૯૯૫

૨. મીઝાનુલ હિકમત, ઉર્દુ, ભાગ : ૮, પેજ : ૮૨૯, હદીસ : ૧૭૯૯૬

૩. મીઝાનુલ હિકમત, ઉર્દુ, ભાગ : ૮, પેજ : ૮૫૩, હદીસ : ૧૮૦૪૪

# ૩. ટાઈમ ટેબલ

૧. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

તારા રાત અને દિવસ તારી તમામ હાજતો ઉપર કાબુ નથી મેળવી શકતા, તેથી તું તેમને તારા કાર્યો અને તારા આરામ માટે વહેંચી નાખ.

૧. મીઝાનુલ હિકમત, ઉર્દુ, ભાગ–૪, હદીસ : ૭૪૩૧, પેજ નંબર : ૩૧૭

# ૪. મહત્વના ફેરફારનો સમય (ટર્નીંગ પોઈન્ટ)

૧. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે :

તે ઉંમર કે જે ઈન્સાનને સૌથી પરીપક્વતાએ પહોંચાડે છે તે ચાલીસમું (વર્ષ) છે.

૧. તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૪૮, પ્રકરણ : ૧૫૨, હદીસ : ૧૪